# ગુજરાત જાહેર સેવા આયોગ

**તા- ૦૮/૦૫/૨૦૧૮**

## -:: સુધારો ::-

સંદર્ભ:- તા.૦૩/૦૫/૨૦૧૮ના રોજ ઈ-એક્સ શાખા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જા.ક્ર: ૧૦૭/૨૦૧૬-૧૭ના અપાત્ર ઉમેદવારોની યાદી.

આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ હિસાબી અધિકારી વર્ગ-૧ અને સહાયક વાણિજિયક વેરા કમિશનર વર્ગ- ૧, જા.ક્ર: ૧૦૭/૨૦૧૬-૧૭ ની જગ્યાએ ભરતી માટે પ્રિલિમિનરી પરીક્ષાના પરીણામને આધારે કામચલાઉ સફળ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલ અને અરજીપત્રકો તથા પ્રમાણપત્રોની ચકાસણીના અંતે મુખ્ય લેખીત પરીક્ષા માટે અપાત્ર ઉમેદવારોની યાદી તા- ૦૩/૦૫/૨૦૧૮ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે અન્વયે યાદી ક્ર: ૧૦૦, ૧૧૭ તથા ૧૨૬ પર દર્શાવેલ અનુક્રમે બેઠક નં. **૧૦૧૦૦૨૯૮૯**, **૧૦૧૦૦૩૬૩૦** તથા **૧૦૧૦૦૩૯૬૧** ને અપાત્ર જાહેર કરવામાં આવેલ, પરંતુ તેઓએ રજૂ કરેલ આધાર અને પૂરાવા સાથેની રજૂઆત બાદ રજૂઆતના મુદ્દાઓ પરત્વે અને રજૂ થયેલ આધાર પૂરાવાઓથી ઉમેદવારોની પાત્રતા બાબતેની સ્પષ્ટતા થતી હોવાથી તેઓ જાહેરાતની જોગવાઇઓ પરિપૂર્ણ કરતા હોઇ તેઓને આયોગ દ્વારા વિચારણા કરી પાત્ર ગણવામાં આવેલ છે. અત્રે એ બાબતનો પણ ઉલ્લેખ જરૂરી જણાય છે કે ઉમેદવારોની શૈક્ષણિક લાયકાતના મુદ્દા પરત્વે જે કિસ્સામાં માત્ર સ્વયંસ્પષ્ટ આધારો રજૂ કરવાના કિસ્સા જ ધ્યાને લેવાના થાય છે. અન્ય કિસ્સાઓ કે જેમાં નિયત સમય સુધીમાં જરૂરી પૂરાવા રજૂ કરવામાં ચૂક તથા ખૂટતા મૂળભૂત પૂરાવા આ તબક્કે પાછળથી સ્વીકાર્ય રહેતા નથી. જેની નોંધ લેવા વિનંતી.

સહી/-
(જે.એચ.વૈષ્ણવ)
નાયબ સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ